સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ઊભું તો થઈ શકે નહીં છે માંદલું, નશામાં રાખો!
દેખાડે છો બહાદુરી, ફૂલણજી! નશામાં રાખો!
અર્થતંત્રના નબળા બળદને નશામાં રાખો!
'એડવાન્સ'ને પેકેજ પીવડાવી નશામાં રાખો!
(અર્થતંત્રને ડ્રગ્સના ઈન્જેકશન)

હાઈકુ

ફાટયું આકાશ -
બુદ્ધિમાન ટિટોડી -
આપે છે ટેકો!

જીર્ણ વસ્ત્રની -
થીગડ થાગડથી -
ઢાંકો મર્યાદા...

ચિંતન

યથા ઉદકંદુર્ગેવૃષ્ટં પર્વતેષુ વિધાવતિ ।
એવં ધર્માન્ પૃથક્ પશ્યન્ તાન્ એવ અનુધાવતિ ॥

ઉપરોક્ત શ્લોક કઠોપનિષદમાંથી લેવામાં આવેલ છે.

જેમ શિખર પર પડેલું પાણી પર્વત પરથી વહી જાય છે. ભિન્નભિન્ન ધર્મોથી યુક્તને, પરમાત્મા તેની પાછળ દોડતો રહે છે એટલે કે સ્વાભાવથી, પ્રકૃતિથી, મતમતાંતરથી, માન્યતાથી, જે સર્વત્ર ભિન્નતાને જ જુએ છે, તેઓ જીવાત્મા ભિન્ન ભિન્ન આત્મતત્વને પામતા રહે છે, એની મુક્તિ નથી.

મતમતાંતરો અનેક છે. તેમાં જ જો અટવાઈ જાઓ તો ક્યાંક ઉદ્ધાર નથી, દરેકનું કહેવું દરેકની રીતે બરોબર જ હોય છે. પણ એ જ અંતિમ છે, એમ કહેવું ઉચિત નથી. તેથી આવું બધું જોઈને એ પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ રાખનાર, બીજી રીતે કરીએ તો સાક્ષીભાવે માત્ર જોયા કરનાર, કોને શાંતિ ન થાય? એટલે એને કોઈ જ માનસિક ઉદ્વેગ કે ચિંતા રહેતા નથી.

સુવિચાર

- ઉસ પછતાવે કે સાથ મન જાગિએ, જિસે કલ આપ પૂરા નહં કર સકે...
  ઉસ સંકલ્પ કે સાથ જાગિયે, જિસે આપકો પૂરા કરના હૈ - **સંદિપ મહેશ્વરી**
- પસંદગી આપની... 'માં ગવું, એ આફત આવશે... '
  'આપવું' એ આનંદ આપશે..' સ્વીકારવું એ ધર્મ આપશે - **એસ. ભટ્ટાચાર્ય**
- સુખની મર્યાદા તોડવી તે જ દુઃખનું કારણ - **ધર્મલોક**
- મને દુઃખ આવ્યું, તેનો મતલબ કે મારું સુખ અન્યો સુધી પહોંચ્યું તેથી મને દુઃખની ચિંતા, ફરિયાદ નથી - **જે. કૃષ્ણમૂર્તિ**
- સુખ તેને કે જેનાથી સુખ બધાને - **ભૂપત વડોદરિયા**
- વેરનાં સામ્રાજયમાં સૂરજ નહીં માણસ ખુદ આથમે છે - **વિદૂર**
- આજનું ઔષધ : મધ સાથે ચપટી મરી પાઉડર સવાર સાંજ મિક્સ કરી દસ દિવસ ખાવાથી ખાંસી સર્દતર મટી જાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

પચીસ વર્ષની યુવતી અચાનક હતાશાનો શિકાર બની. જિંદગી જીવવાની ઈચ્છા જ ન રહી. ડૉકટરો પણ દવા કરીને થાક્યા પણ યુવતીની હતાશા વધતી રહી. એકવાર તેણે ગાડી લઈ આપઘાત કરવા જવા વિચાર્યું. દૂર સુમસામ રસ્તા પર ગાડી લઈ ગઈ. ત્યાં એક વડીલ કૂતરાને બ્રેડ ખવડાવી રહ્યા હતા. અને તેમના ચહેરા પર એક અનોખો આનંદ છવાયેલો જોઈ યુવતીએ કાર થોભાવી અને વડીલને પૂછ્યું, 'દાદા, આપ આટલા ખુશ કેમ છો?' વડીલે કહ્યું, 'બેટા, છ મહિના પહેલા તમે મને મળ્યા હોત તો હું પણ ખૂબ દુઃખી માણસ હતો. મારા યુવાન દિકરો અકસ્માતમાં મરી ગયો. એની માતા પણ આ દુઃખ સહન ન કરી શકી અને તે પણ સ્વર્ગે સિધાવી. હવે હું એકલો બચ્યો હતો. એકવાર ઘરે ચાલતા જતાં એક નાનું ગલીડિયું મારી પાછળ પડ્યું. મારી સાથે તે મારા ઘર સુધી પહોંચી ગયું. મેં દરવાજો બંધ કરી દીધો. સાંજે ઠંડીમાં મેં તેના રોવાનો અવાજ સાંભળ્યો. મને એ ગલુડિયાની દયા આવી. મેં તેને ગરમ દૂધ પીવડાવ્યું અને એને ગરમ શાલ ઓઢાડી. ભૂખ્યા ગલુડિયાને દૂધ પીતું જોઈ મને એક અનોખો આનંદની અનુભૂતિ થઈ ત્યારે મને ખ્યાલ આવ્યો કે મહિનાઓ પછી હું હસી રહયો હતો. ત્યારે મને ખ્યાલ આવ્યો કે એક નાનું એવું નિઃસ્વાર્થ કામ કરવાથી જો મને આટલી સરસ અનુભૂતિ મળી શકે છે તો મારી જિંદગી બેકાર કેવી રીતે હોઈ શકે? ત્યાર પછી મેં નક્કી કર્યું છે ક રોજ કોઈની કંઈક સેવા કરવી, નિઃસ્વાર્થ ભાવે અર્પણ કરવું, કોઈ વૃદ્ધાશ્રમમાં, કોઈ દર્દીની સેવામાં રોજ સમય પસાર કરવાનો નિયમ રાખ્યો છે. આજ મારા અલૌકિક આનંદનું કારણ છે.' યુવતી એ આપઘાતનો વિચાર પડતો મૂકી ગાડી ઘર તરફ વાળી.

બીજા તબક્કામાં કોરોના ભયાનક બનશે

તંત્રીસ્થાનેથી...

અમદાવાદમાં કોરોના બોમ્બ ફાટ્યો છે એ સમાચાર ગુજરાત અને દેશ આખા માટે આઘાતજનક જ ગણાવા જોઈએ. ગુજરાત અને એમાં પણ અમદાવાદનું 'કોરોના મેનેજમેન્ટ' તો દિલ્હીથી ખાસ દૂથ તરીકે આવેલા એમ્સના ડાયરેકટર ડૉ. ગુલેરિયાએ પણ મુક્તકંઠે વખાણેલું. દિવાળીના દિવસો અમદાવાદીઓને ફળવાને બદલે નડ્યા છે. પ્રશાસન હરહંમેશ રાજકીય આકાઓ ખુશ રહે એવા નિર્ણયો લેતું હોય છે. દિવાળીના પર્વની ધાર્મિકતા સામે ભારતીય જનતા પાર્ટીની સરકાર ઝૂકી ન જાય તો જ નવાઈ. મુંબઈમાં મંદિરો ખોલાવવા માટે આ પાર્ટી રીતસર આંદોલન ચલાવતી રહી અને હિંદુત્વના પ્રખર હામી એવા ગઠબંધન સરકારના શિવસૈનિક મુખ્યમંત્રીને ભાંડતી રહી. ધર્મના નામે રાજકારણની દુકાન ચલાવનારા નેતાઓ પ્રજાની નબળી નસ પારખઈને એને અનુકૂળ ન થાય તો જ નવાઈ. અમદાવાદમાં દિવાળીની ખરીદી વખતે જે ભીડ ઉમટી એ કોરોનાના આ વર્તમાન રાઉન્ડના મૂળમાં પડેલું કારણ છે. 'સુપર સ્પ્રેડર' તરીકેનું લેબલ લગાડી હાંસિયે ધકેલી દીધેલાઓ પાસેથી હમા આરોગી એમને કોરોના વેચવાની ખુલ્લી છૂટ આપી દેવાઈ એમ કહેવામાં ભાગ્યે જ અતિશયોક્તિ લેખાશે. જયારે સિવિલ હોસ્પિટલ અને એના કમ્પાઉન્ટમાં આવેલી કેન્સર તથા કિડનીના રોગોની ટ્રસ્ટ હોસ્પિટલો પણ કોવિડ-૧૯ના દરદીઓથી ઊભરાતી હોય ત્યારે સ્વાભાવિક છે કે સરકાર, બ્યુરોક્રસી અને પ્રજા પોતાનો વાંક હોવાનું સ્વીકારવાને બદલે બાકીના ગુનેગારો પર જ આરોપ લગાવવાનું પસંદ કરશે. ગુજરાત માટે આપણા પૂર્વસૂરિઓએ કયારેક 'ગાંડી ગુજરાત' જેવા શબ્દો વાપરેલા તે યાદ આવે છે. જયારે તબીબો અને વૈજ્ઞાનિકો સહિત બધા ચેતવણી આપતા હોય ત્યારે કોરોના સમાપ્ત થઈ ગયો એમ માની લઈ ઘેટાંનીં ટોળાંની જેમ દિવાળીના દિવસોમાં બજારોમાં ભીડ ઊમટી એનું કેવું વરવું પરિણામ આવ્યું તે આપણી નજર સામે છે. ઘોડા ભાગી છૂટ્યા પછી તબેલાને તાળાં મારવાની સરકાર અને પ્રશાસનની નીતિ પર સૂગ જ જાગે. ખરેખર તો મૂર્ખ પ્રજાને અબુધ બાળકોની જેમ સાચવી લેવાની જવાબદારી સરકારની છે. એટલા માટે સ્તો સરકાર માટે 'સરકાર મા-બાપ' જેવા શબ્દો વપરાતા રહ્યા છે. કોરોના સામે વડાપ્રધાન નરેન્દ્ર મોદી છેટે બેઠા બેઠા સુફિયાણી સલાહ જરૂર આપતા રહે છે, પણ એમનેય સરદાર સરોવરના તાયફા બંધ કરવા ગમતા નથી. ટોળા આકર્ષીને સત્તા મેળવી છે એટલે ચૂંટણીઓ કે પેટા ચૂંટણીઓમાં ખુદ નેતાઓ કોરોના પ્રોટોકોલ બાજુએ મૂકીને જીવના જોખમે રઝળપાટ કરતા જોવા મળ્યા છે. એમને તો મોતની ચિંતા કરતાં સત્તાની જ ફિકર રહ્યા કરે છે, ગૃહમંત્રીથી લઈ અનેક ઉચ્ચ પદાધિકારીઓ, સાંસદો આ કોરોનાના ડંખ ખમી ચૂક્યા છે. રાજયસભાની ચૂંટણી જીતેલા અને હારેલા ઉમેદવારો કોરોના સંક્રમણનો ભોગ બની ચૂક્યા છે. કોંગ્રેસના સૌથી વરિષ્ઠ નેતાઓમાં ગણાતા અહમદ પટેલ વેન્ટિલેટર પર છે અને રાજકોટના વતની તથા રાજયસભાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર તરીકે વિજયી બનેલા અભય ભારદ્વાજને તો એરલિફ્ટ કરીને ચેન્નાઈ ભેગા કરવા પડ્યા છે. નરહરિ અમીન સપરિવાર કોરોનાગ્રસ્ત થાય છે. ભરતસિંહ સોલંકી છેક યમરાજાની ડેલીએ હાથ લઈને પાછા ફર્યા છે. નવા વરાયેલા ભાજપ પ્રદેશ પ્રમુખ પણ કોરોના પોઝિટિવ થયા હતા તો વળી પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ કોરોના થયા પછીની વિકૃતિને કારણે અવસાન પામ્યા છે. શું આટલી ચેતવણી ગુજરાતની પ્રજાને, સરકારને અને પ્રશાસનને ઓછી પડતી હતી? હવે જયારે પછી પાછો કરફ્યુ નાખવાવારો આવ્યો છે ત્યારે પણ શું મોતની મહેફિલ માણવા ટેવાયેલી પ્રજાની સાન ઠેકાણે આવશે ખરી? દિલ્હી સરકારે સામાજિક સમારંભોમાં બસોની સંખ્યા ઘટાડીને પચાસની કરવાના હુકમ કર્યા છતાં અદાલતે એમને કડક શબ્દોમાં ખખડાવીને પૂછ્યું કે આટલા મોડા કેમ જાગ્યા? તમારી આળસને કારણે લોકોના જીવ ગયા એનું કોણ જવાબદાર? જો ખરેખર સરકાર જવાબદારી પૂર્વક વર્તવા માગતી હોય તો એણે લોકપ્રિયતાના ભોગે ફરજનિષ્ઠ બનવું પડશે. મંદિરોમા ભગવાનને પણ થોડા વધુ દિવસ આરામ આપવાની તૈયારી રાખવી પડશે.

।। સ્ત્રીણાં ભૂષણં લજ્જા ।।

ડાયલોગથી દેવભાષા
ડૉ. જય ઓઝા

શર્મ ઔર લજ્જા તો ઔરત કા ગહના હોતા હૈ
- હાઉસફુલ

ઈ.સ. ૨૦૧૦માં આવેલી હાઉસફૂલ ફિલ્મનું દિગ્દર્શન સાજીદ ખાને કર્યુ હતુ. અને આ ફિલ્મ હાઉસફૂલ માળાનો પ્રથમ મણકો હતો. અને આ મલ્ટીસ્ટારર ફિલ્મમાં અક્ષય કુમાર,દીપિકા પાદુકોણે, રીતેશ દેશમુખ અર્જુન રામપાલ, જીઆ ખાન તથા બમન ઈરાની સહિતના કલાકારોનો કાફલો હતો. ફિલ્મમાં આ સંવાદ જીઆ ખાન દ્વારા બોલવામાં આવ્યો છે. અને આ ફિલ્મના સંવાદ અન્વિતા દત્તાએ લખ્યા હતા.

આમ તો આ સંવાદ અગાઉ ઘણી બધી ફિલ્મોમાં આવી ગયો છે, અને આ સનાતન સત્યને ઘણા કલાકારોએ ઉચ્ચાર્યુ છે. 'કથાલા કથાલા' નામક તમિલ ફિલ્મ પરથી આ ફિલ્મ બની હતી.આ તમિલ ફિલ્મ ૧૯૯૮માં સંગીતમ શ્રીનિવાસ રાવ દ્વારા દિગ્દર્શિત કરવામાં આવી હતી. આ ફિલ્મની વાર્તા કમલ હસને લખી હતી. અને અભિનય પણ કર્યો હતો. પ્રભુદેવા,સૌંદર્યા,રંભા જેવા કલાકારો સાથે આ ફિલ્મ ત્યારની સુપર હીટ ફિલ્મ બની રહી હતી.

।। સ્ત્રીણાં ભૂષણં લજ્જા ।।
- ચાણક્ય સૂત્રનીતિ

ચાણક્ય સૂત્રનીતિ નામક આ ગ્રંથમાં જ સનાતન વાત કરવામાં આવી છે, તે આશરે બીજી કે ત્રીજી શતાબ્દીમાં રચાયેલા આ ગ્રંથમાં કહેવાઈ છે. નારીનું આભૂષણ લજ્જા જ છે, તે વાત દરેક સમયમાં જુદા જુદા સંદર્ભમાં કહેવામાં આવી છે. અમીટ સત્ય એ જ હોય છે,જે ક્યારેય ધુંધળુ ન થાય.

- jayuoza@gmail.com,
Mo.9898046488

રવિવારે 'ગાંધીનગર સાહિત્ય દીપોત્સવી અંક'નું વિમોચન

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા અવારનવાર યોજાતા અવનવા સાહિત્યિક કાર્યક્રમો અંતર્ગત,આ વર્ષે સભ્યોની અવનવી સાહિત્યિક રચનાઓનો એક બેનમૂન દીપોત્સવી અંક બહાર પાડવાનું અભિયાન હાથ ધરવામાં આવેલ; જેની ચાતક નજરે રાહ જોવાતી હતી, તેનો હવે અંત આવી રહ્યો છે. આ 'ગાંધીનગર સાહિત્ય દીપોત્સવી અંક'ના વિમોચનનો સમારોહ, ગાંધીનગર સાહિત્ય સભાના સ્થાપક પ્રમુખ હરિકૃષ્ણ પાઠક અને પૂર્વ પ્રમુખદોલત ભટ્ટના વરદ હસ્તે, તા.૨૨-૧૧-૨૦૨૦ ને રવિવારના રોજ, સવારે ૯-૩૦થી ૧૧-૩૦ દરમિયાન, ગુરુકુળ હાઈસ્કુલ હૉલ, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે યોજવામાં આવશે.આ પ્રસંગે અચૂક હાજર રહેવા સંસ્થાના સભ્યશ્રીઓને, પ્રમુખ સંજય થોરાત દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

● નગરના પોતાના દૈનિક પત્ર 'ગાંધીનગર સમાચાર'ના કોલમિસ્ટ અને સમાજશાસ્ત્રના અભ્યાસુ ડૉ.રાજેન્દ્ર જાનીની કોલમ 'ગણતરીમાં ગાંધીનગર'માં છપાયેલ વિગતો ગ્રંથસ્થ થઈને, તેનું પુસ્તકરૂપે પ્રાગટ્ય થઈ રહ્યું છે.આ પુસ્તકમાં સને ૨૦૧૧ની વસતિના આધારસાથે, ગાંધીનગરની વિવિધ સામાજિક સ્થિતિનું રસપૂર્વક આલેખન કરાયું છે, જે નગરના ઈતિહાસનું એક સંભારણું બનશે.આ પ્રાગટ્યની પળે, ડૉ.રાજેન્દ્ર જાનીને તથા 'ગાંધીનગર સમાચાર'ને ખૂબ ખૂબ અભિનંદન.

(M) 9824236893
muljibhaidadhi@gmail.com

રાજસ્થાનના સ્વાતંત્ર્ય સંગ્રામનું સુવર્ણ પૃષ્ઠ : ઠાકુર કેસરીસિંહજી

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

સુપ્રસિધ્ધ ક્રાંતિવીર રાસબીહારી બોઝે ઠાકુર કેસરીસિંહજી ચારણ તથા તેમના સમગ્ર પરિવારને નતમસ્તકે અંજલિ આપી છે. તેમણે લખ્યું છે કે પોતાના સમગ્ર પરિવાર તેમજ સંપત્તિનું બલિદાન આ પરિવારે ઉન્નત મસ્તકે ઉમળકાભેર આપેલું છે. કેસરીસિંહજીના યુવાન પુત્રનું બલિદાન એ આપણાં દેશના સ્વાતંત્ર્ય સંગ્રામનું એક ઉજવળ પૃષ્ઠ છે. બ્રિટીશરોની સત્તા તથા પ્રભાવનો સૂર્ય વિશ્વના અનેક ભાગો પર પથરાયેલો હતો ત્યારે સ્વાતંત્ર્યની જ્યોત કેસરીસિંહજી ઠાકુરે મરુભૂમિમાં પ્રગટાવી હતી. આ પરિવારના ઉલ્લેખ સિવાય રાજસ્થાનનો સ્વાતંત્ર્ય સંગ્રામનો ઈતિહાસ પૂરો થતો નથી. સ્વાધીનતાની વાત એ પરાધીન દેશના લોકોનું પ્રિય સ્વપ્ન હતું. અલબત્ત, આ સ્વપ્ન ક્યારે તથા કયા માર્ગે વાસ્તવિકતાનું સ્વરૂપ ધારણ કરશે તે બાબતમાં વ્યાપક અનિશ્ચિતતા હતી. અંગ્રેજો પોતાની સત્તાનો પ્રભાવ વિસ્તરે તથા મજબૂત બને તે માટે નિરંતર પ્રયાસ કરતા રહેતા હતા. દેશની આ સ્થિતિની પૂર્વભૂમિકામાં ૧૯૦૩ના એક ઐતિહાસિક પ્રસંગની વાત સ્વાધિનતા સંગ્રામમાં નોંધાયેલી ઉજવળ તથા યાદગાર ઘટના છે. ભારતના વાઈસરોય તરીકે તે સમયે ફરજ બજાવતા લોર્ડ કર્ઝનનો આ વિચાર હતો. દિલ્હી દરબાર ભરીને બ્રિટીશ રાજયની પાશવી તેમજ મજબૂત સત્તાનું શક્તિ પ્રદર્શન કરવાનો કર્ઝનનો હેતુ ગણતરીપૂર્વકનો હતો. લોર્ડ કર્ઝન વિચક્ષણ હતા. ઉપરાંત જયાં જરૂર જણાય ત્યાં યેનકેન પ્રકારેણ બ્રિટિશ સત્તાને મજબૂત કરવા માટેના તમામ પ્રયાસો કરવા માટે તેઓ જાણીતા હતા. ૧૯૦૩ના દિલ્હી દરબારમાં તમામ મહત્વના રાજવીઓને હાજરી આપવા માટેનું નિમંત્રણ આપવામાં આવ્યું. નિમંત્રણનો કોઈ રાજવી અસ્વીકાર કરે તો શાસનની કરડી નજર તે રાજય તરફ રહે તે વણલખી વાત સૌ કોઈ સમજતા હતા. અંગ્રજો તરફની રાજવીઓની નિષ્ઠાનું તેમજ સ્વામીભકિતનું આ પ્રદર્શન હતું. આ સમારંભમાં હાજરી ભરનાર રાજવીએ પોતાના ઉજળા ઈતિહાસ તથા સ્વાભિમાનને અળગા મૂકવાના હતા. આ સમારંભમાં કોઈ મહત્વના રાજવી ઉપસ્થિત ન રહે તો લોર્ડ કર્ઝનની ઈચ્છિત મુરાદ પૂરી ન થાય. તત્કાલીન મેવાડના મહારાણા ફતેસિંહ આ દરબારમાં હાજરી આપવા માટે ઉત્સુક ન હતા. કારણ કે ઉદેપુર તથા મેવાડની કીર્તિ દેશમાં સૂર્ય સમાન તેજસ્વી ગણાતી હતી. મહારાણા પ્રતાપે આકરી તકલીફો વેઠીને પણ મેવાડની સ્વતંત્રતાનો ધ્વજ ઉન્નત રાખ્યો હતો. આ સંજોગોમાં ઉદેપુર મહારાણાને આવી સલામી કરવાનું કામ તેમના ઉજળા ઈતિહાસને ધ્યાનમાં લેતાં ઠીક ન લાગ્યું તે સ્વાભાવિક પણ હતું. જોકે એક અથવા બીજી યુકિત પ્રયુકિતથી લોર્ડ કર્ઝને મહારાણા ફતેસિંહને દરબારમાં હાજરી આપવા માટે સમજાવી લીધા હતા. મહારાણા આ સમારંભમાં હાજરી આપવાના છે તેવા સમાચારથી અનેક સ્વાભિમાની લોકોના દિલ દુભાયા હતા. પરંતુ આ સ્થિતિનું હવે નિવારણ કેમ કરવું? કવિરાજા ઠાકુર કેશરીસિંહજીએ સમગ્ર મેવાડની પ્રજાના મનમાં પડેલી વાત મહારાણા સુધી પહોંચાડવા સફળ પ્રયાસ કર્યો. મહારાજને રોકવાના છેલ્લા પ્રયાસ તરીકે આ ક્રાંતિકારી કવિએ કેટલાક સોરઠાઓ (દુહાનો એક પ્રકાર) લખ્યા અને તેમાં પોતાની ઉછળતી લાગણીઓની ભરપૂર અભિવ્યકિત કરી આ પ્રકારનું લખાણ કરીને બ્રિટીશ સત્તાધીશોને નારાજ કરવાનું પરિણામ કવિ જાણતા હતાં. તે માટે સર્વસ્વ હોમવાની તેમની સંપૂર્ણ તૈયારી હતી. કવિ મેવાડના રાજવીને સંબોધીને શબ્દોના તાતા તીર છોડે છે :

પગ પગ ભમ્યા પહાડ
ધરા છાંડ રાખ્યો ધરમ
(ઈસૂ) મહારાણા અરુ મેવાડ
હિરદે બસીયા હિન્દરે

કવિ મહારાણાને સંબોધીને કહે છે કે સચ્ચાઈ તથા નિજ ધર્મ સાચવવા માટે તારા પૂર્વજોએ અનેક આફતોને હસતા મુખે આવકારી છે. પહાડો તથા અરવલ્લીની ટેકરીઓમાં તેઓ ભટકયા છે. પરંતુ સ્વમાન અને સ્વાધિનતા જાળવી રાખ્યા છે અને આવા પરાક્રમને કારણે જ સમગ્ર હિન્દુસ્તાનને મહારાણા તથા મેવાડ પ્રિય છે.

દેખેલા હિન્દવાણ નિજ
સૂરજ દિસ નેહ સૂં
પણ તારા પરમાણ
નિરખ નિસાસા ન્હાકશી.

આ સમારંભમાં હાજર રહેનાર મેવાડના મહારાણાને બ્રિટીશ સરકાર Star of India નો ખિતાબ આપવાની હતી તેવી વાતો તે સમયે વહેતી થયેલી હતી. આ વાતને પકડીને કવિ એક ચોટદાર કટાક્ષ કરે છે કે મેવાડ અને સમગ્ર હિન્દુસ્તાન આપને સૂર્ય સમાન માને છે. આપ સૂર્યવંશી છો. પરંતુ આજે આપ સામે ચાલીને આપનું સૂર્યપણું છોડીને તારા (star) નો ખિતાબ સ્વીકારવા ઉત્સુક થયા છો તે જોઈને પૂરો સમાજ ઊંડા નિસાસા ભરે છે !

આપણી ભજનવાણીમાં ગવાયું છે કે "જેને જેને લાગ્યા સંતો ! શબદના બાણ" શબદના બાણની અસર જૂદીજ હોય છે. શબ્દોના ઘાવ ઊંડા અને અસરકારક હોય છે. મહારાણાની સ્વમાનની લાગણી કવિના શબ્દે પુનઃ જાગૃત થાય છે. દિલ્હી જઈને તેઓ લોર્ડ કર્ઝન આયોજિત દરબારમાં હાજરી આપતા નથી. મેવાડની ખાલી ખુરશી લોર્ડ કર્ઝનને ખૂંચે છે. ૩૧ માર્ચ ૧૯૧૪ના દિવસે બ્રિટીશ સરકાર અનેક પ્રકારના આરોપ મૂકીને રાજનૈતિક ષડયંત્ર માટે કવિની ધરપકડ કરે છે. કવિની વારસામાં મળેલી સંપૂર્ણ જાગીર જપ્ત કરવામાં આવે છે. વિશાળ પુસ્તકાલય સાથેની તેમની હવેલી ખાલસા કરવામાં આવે છે. સુખી તથા સમૃધ્ધ કુંટુંબના સભ્યો એકાએક ઉપર આભ અને નીચે ધરતી એવી કફોડી હાલતમાં આવી જાય છે. તત્કાલીન સુવિખ્યાત બેરિસ્ટર નવાબ હામિદ અલીખાન તરફથી ઠાકુર સાહેબની નિર્દોષતા સાબિત કરવા માટે જુસ્સાપૂર્વકની તથા તર્કબધ્ધ દલીલો કોર્ટમાં કરવામાં આવી. આ રજૂઆતને અવગણીને મૃત્યુદંડનો નિર્ણય કરવો તે અદાલત માટે મુશ્કેલ હતું. ભરી અદાલતમાં ભાવુક બની બારિસ્ટર ખાન સાહેબે પોતાના અસીલનું ઉજવળ જીવન પ્રકાશિત કરવા અદાલતની અનુમતિથી 'નઝમ' સંભળાવી.

વો મુલ્ઝિમ કેસરી
જાનો દિલ સે હૈ દેશકા હામી
વો મુલ્ઝિમ ઉમ્ર જીસકી
દેશ કી ખિદમત મેં ગુઝરી હૈ

કેળવણીનું કાર્ય ધોરણો-મૂલ્યોનું હસ્તાંતરણ

ગાંધી ૧૦૦
ડૉ. રાજેન્દ્ર જાની

ગાંધીની સલાહ મુજબ જો કેળવણી અપાય તો ચારિત્ર નિર્માણનો પ્રશ્ન ઉકલે

બાળકોની કેળવણીમાં સામાજિક હેતુ હોય એ ઈચ્છિત છે. ઈચ્છિત દિશામાં સામાજિક પરિવર્તન લાવવા માટે સમાજવ્યવસ્થામાં ધરમૂળથી ફેરફાર કરવો આવશ્યક હોય છે. જો આ આવશ્યકતા આપણે સમજીએ તો શિક્ષણએ પાયાની જરૂરિયાત છે. અને એનો સામાજિક હેતુ હોવો જોઈએ. ભારતીય શિક્ષણ વ્યવસ્થા પર આપણે દૃષ્ટિપાત કરીએ તો આપણી કેળવણી વિષયક વ્યવસ્થામાં બહુ ઓછો સામાજિક હેતુ રહેલો હોય એમ જણાય છે. માત્ર આજીવિકાનો પ્રશ્ન ઉકેલવાનો એક પ્રયાસ કેળવણી સાથે જોવામાં આવે છે.

ગાંધીએ કેળવણીને રોટલો રળી ખાવાના ધ્યેય સાથે જોવું ન હતું. મનુષ્યરૂપે એ વૈશ્વિક માનવ બને અને 'વસુધૈવ કુટુંબકમ'નો આપણે વેદકાલીન આદર્શ ચરિતાર્થ કરે એ વિચાર તેમણે કેળવણીમાં પરોવ્યો હતો. બહુ જાણીતા સમાજશાસ્ત્રી ઈમાઈલ દર્ખાઈમે શિક્ષણનું મુખ્ય કાર્ય નવી પેઢીમાં સમાજના ધોરણો અને મૂલ્યોનું આગલી પેઢીમાં હસ્તાંતરણ કરવાનું લેખાવ્યું છે. ધોરણો અને મૂલ્યો એક પેઢીથી બીજી પેઢી સુધી કેળવણીમાં દાખલ થતા બાળખોથી જ પ્રસરે તો માનવ સમાજમાં વર્તન-વ્યવહારની સામ્યતાઓનું સર્જન થાય અને સરવાળે સમાજમાં એકવિધતાનું નિર્માણ થાય. એકવિધતા ધરાવતા સમાજને પોતાનું અસ્તિત્વ ટકાવવામાં આપણ આધાર પૂરો પડે છે. એ સ્પષ્ટ કર્યું છે. ગાંધીએ આ જાણીતા સમાજશાસ્ત્રી દર્ખાઈલ અગાઉ આ જ બાબતો જોઈ સમજીને કેળવણી અંગે માર્ગદર્શિત કર્યા હતા.

ગાંધીજીના મતે તો કેળવણી જીવન માટે છે. જીવનમાં કોઈ ને કોઈ પ્રકારનું સામાજિક સંગઠન સમાયેલું હોય છે. તેથી કરીને દરેક સમાજ પિતાની આવશયકતાઓ અને ધ્યેય અનુસાર ઉચિત કેળવણી યોજી કાઢે છે. ઉપરાંત, કેળવણી માત્ર માહિતી અને જ્ઞાન એકઠું કરવા માટે જ નથી, – ભલે પછી તે જ્ઞાન ગમે તેટલું ઉપયોગી હોય; પરંતુ ચારિત્ર્યના વિકાસ અથે છે. વ્યક્તિ એકલી અલગ રહીને પોતાનું ચારિત્ર્ય વિકસાવી ન શકે. સામાજિક વાતાવરણમાં જ એ બની શકે. ચારિત્ર્યને જે કાંઈ અર્થ છે તે સમાજ દ્વારા જ તેને પ્રાપ્ત થાય છે. ઈતિહાસમાં આપણને વિવિધ હેતુઓ અને પ્રયોજનવાળા સમાજોનાં ઉદાહરણ મળે છે. દરેક સમાજ પિતાના નાગરિકોમાં અમુક પ્રકારના ચારિત્ર્યની અપેક્ષા રાખે છે. કેટલાક સમાજો લશ્કરી પ્રયોજનસર જ સંગઠિત થયા હોય છે. બીજા કેટલાક આધ્યાત્મિક હેતુઓથી. કેટલાક વ્યાપારી કે ઔદ્યોગિક સમાજોના દાખલા પણ છે. તે દરેક સમાજ પોતાના મુખ્ય પ્રયોજનને અનુરૂપ કેળવણી છ કાઢે છે.

જૂનામાં જૂના સુધરેલા લોકો, કે જેમણે કેળવણીની કોઈ અનેકાંગી યોજના વિચારી કાઢી હોય, તો તે ચીનાઓ છે. ચીનમાં કેળવણી જીવન અને સમાજ વ્યવસ્થા સાથે નિકટમાં નિકટ સંબંધ ધરાવે છે. બીજી કોઈ પણ જગાએ કેળવણી ઉચ્ચ સંસ્કારિતાવાળી વ્યક્તિના એક વિશિષ્ટ પ્રકારને –કે જે પ્રકાર પાછો સેકાઓ સુધી ઓછેવત્તે અંશે એકસરખે રહ્યો હોય – તે પ્રકાર પાછો ઉત્પન્ન કરવાને વધુ શક્તિમાન થઈ નથી. પ્રાચીન હિંદુઓ પાસે પણ તેમની પોતાની સુસંબદ્ધ અને પદ્ધતિ હતી; જોકે મુખ્યત્વે તે ઉચ્ચ વર્ગો માટે હતી. અર્થ, કામ, ધર્મ, અને મોક્ષરૂપી જીવનના ચાર મુખ્ય અર્થો – પુરુષાર્થો-ચાર વર્ણ અને ચાર આશ્રમ દ્વારા સિદ્ધ કરવાના હતા. એમની સિદ્ધિને વ્યક્તિ તેમ જ સમાજ બંને સાથે સંબંધ છે. પ્રાચીન સ્પાર્ટાએ પિતાના રાજયતંત્રના રાજકારણ અને ધ્યેયને અનુરૂપ કેળવણી યોજી કાઢી હતી. તેમની કેળવણું મુખ્યત્વે લશ્કરી હતી. આથેન્સ પાસે પણ તેની પિતાની પદ્ધતિ હતી. મધ્યયુગની સમાજવ્યવસ્થા પાસે પણ તેની પોતાની વિશિષ્ટ એવી પદ્ધતિ હતી. આધુનિક યુગમાં યુરોપે પણ પિતાના મુખ્ય પ્રજાને અનુરૂપ પદ્ધતિ યોજી કાઢી છે. નવા અસ્તિત્વમાં આવેલા રશિયાના સામ્યવાદી રાજયતંત્રે પણ પોતે સ્વીકારેલાં ધ્યેય માટે કેળવણીની પિતાની ખાસ પદ્ધતિ વિચારી કાઢી છે.

કેળવણીની કઈ પદ્ધતિ વડે સમાજ કે વ્યક્તિને સંપૂર્ણપણે સર્દતર બદલી નાખી શકાય કે કેમ, અથવા તે કેટલીક વૃત્તિઓ અને વલણે એવાં હોઈ શકે છે કે જેમને કોઈ પણ જાતની કેળવણી સર્દતર પલટી કે ઉખેડી નાખી ન શકે – એ પ્રશ્નની ચર્ચામાં ઊતર્યા વિના આપણે સામાન્ય સમજ પ્રમાણેને મધ્યમ માર્ગ સ્વીકારી લઈએ કે, વ્યક્તિના ઘડતરમાં તથા સમાજને દિશા આપવામાં કેળવણી એ એક મુખ્ય ભાગ ભજવનારું અંગ છે. દરેક સામાજિક એકમ પાસે કઈ વ્યવસ્થિત વિચારેલું કે અજાણપણે સ્વીકારેલું એક ખાસ પ્રેય હોય જ છે. તેની કેળવણીની યોજના પણ એ ધ્યેયને અનુસરીને જ ઘડાય છે. પિતાના વિદ્યાર્થીઓનું ચારિત્ર્ય ઘડવામાં શિક્ષકે એ ધ્યેયની પ્રગતિ અને સિદ્ધિ સમજપૂર્વક ધ્યાનમાં રાખ્યા કરવી જોઈએ. એ ધ્યેય કેળવણીની જુદી જુદી અનેક પદ્ધતિઓ દ્વારા સિદ્ધ થઈ શકે એ ખરું; પરંતુ એ ધ્યેય અને તેની પદ્ધતિ વચ્ચે કાંઈક અગત્યને ખાસ સંબંધ પણ હોય છે. એ પ્રયજન ગમે તે હે, પણ તેને માટેની પદ્ધતિ વૈજ્ઞાનિક, માનસશાસ્ત્રીય અને કાર્યસાધક તે હેવી જ જોઈએ. વળી તે સહેલી તથા સ્વ